જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૪/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૫૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૨૩	૫	૧૧૪૨૮	૧૭૫૪૩	૫	૧૭૫૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૦	૭૭	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૯૭૫૭	૪૪૭	૪૦૨૦૪	૪૦૮૫૦	૪૨૧	૪૧૨૭૧
કુલ		૫૫૯૬૫	૪૫૨	૫૬૪૧૭	૬૪૯૨૩	૪૨૬	૬૫૩૪૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૩	૪૬,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૩૩	૨૦,૩૩,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૫૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૫૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૭૬૦/૨૦૨૧**

બાપુનગર : સિતારામસિંહ રામસિંહ રાજપુત (રહે.ડિફેન્સ કોલોની ગલી નં. ૧,૨,૩,૪ હિન્દી-મરાઠી સ્કુલ પાસે, ભાર્ગવ રોડ, કુબેરનગર) એ તા. તા.૨૮/૦૪/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર મનહરનગર સોસાયટી વિભાગ-૦૧ માં આવેલ "સ્કાયલાર્ક લેન્ડ ડેવલોપર્સ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્ડીયા લીમેટેડ" કંપની ની ઓફીસ ખાતે આરોપી રાજકુમાર રામમનોહરલાલ કટીયાર (રહે.તપન એસ્ટેટ જી.આઈ.ડી.સી મકરપુરા વડોદરા શહેર)(સ્કાયલાર્ક લેન્ડ ડેવલોપર્સ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્ડીયા લીમેટેડ કંપની ના ડાયરેકટર) એ સિતારામસિંહ ને વિશ્વાસમાં લઈ તેમણે રોકેલ રૂપિયા તથા બીજા એજન્ટો અને સભ્યોના રોકેલા રૂપિયા ૬૩ મહિના માં ડબલ કરી આપવાની તથા પાકતી મુદ્દતે રૂપિયા ઉપરાંત જમીન અને મકાન આપવાની લાલચ આપી આજદીન સુધી રોકેલ રૂપિયા કે જમીન-મકાન નહી આપી, સિતારામસિંહ તથા બીજા એજન્ટો અને સભ્યોના રોકેલા કુલ રૂપિયા ૧૯,૬૩,૦૦૦/- લઈ કંપની બંધ કરી નાસી જઈ તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

બીજા માળેથી પડી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૭૬૧/૨૦૨૧**

સાબરમતી : મુકેશકુમાર દ્વારકાપ્રસાદ જાટવ (ઉ.વ.૩૫)(રહે.ઓડાના મકાન, ચાંદલોડીયા) તા.૨૪/૦૪/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી રામનગર કોઠારી ટાવર પાસે, ભગવતી ફલેટ ખાતે બીજા માળે કલરકામ કરતા હતા ત્યારે ઝુલા ઉપરથી લપસી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૪/૨૧ બપોરના ૩/૩૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.પી.રોહીત ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૬૨/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ : ગુલામદસ્તગીર ગુલામમુસ્તફા શેખ (ઉ.વ.૩૪)(રહે.સાઈડ એન્ડ સર્વિસ ની ચાલી ગંજ કબ્રસ્તાનની સામે, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૧ બપોરના ૨/૫૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી ની પાછળ સી.ડી.નં.૪૮ પાસે રીવરફ્રન્ટ વોક-વે ખાતે નદીમાં પડતુ મુકી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

રીવરફ્રન્ટ ઇસ્ટ : દિપકભાઇ રાકેશભાઈ (ઉ.વ.૨૫)(રહે.રખિયાલ ઓડાના મકાનમા, રામા ની ચાલી સામે, રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૧ બપોરના ૩/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રન્ટ વોક-વે ૧૫ નજીક નદીમાં પડતુ મુકી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

વટવા જી.આઇ.ડી.સી. : વિનોદભાઈ દેવશીભાઇ કલોત્રા (ઉ.વ.૪૧)(રહે.શાલ્વી એપાર્ટમેન્ટ, જશોદાનગર વિઠ્ઠલનગર નો ટેકરો) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૧ સવારના ૯/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે ઓક્સીજન ના નેબ્યુલાઇઝર માં વપરાતી પ્લાસ્ટીકની ટોટી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી